# રાજકોટના મહે. ૧૫માં એડી.ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ, રાજકોટ.

ફોજદારી કેસ નં. ૬૩૨૪/૧૯

આંક

| | | | |
|---|---|---|---|
| ૧) | ગુન્હો બન્યા તારીખ | :– | ૨૪/૦૩/૨૦૧૯ |
| ૨) | ગુન્હો જાહેર થયા તારીખ | : | ૨૪/૦૩/૨૦૧૯ |
| ૩) | ફરીયાદી | : | શ્રી સરકાર |
| ૪) | આરોપીનું નામ, ઉંમર, સરનામુ | : | નિમીશ હરીભાઈ જોષી |
| ૫) | ગુન્હાની વિગત | :(૧) | પ્રોહીબીશન કલમ–૬૬(૧)બી, મુજબનો ગુન્હો |

| | | |
|---|---|---|
| સવાલ | :– | તમોને પોલીસ પેપર્સ ની નકલ મળેલ છે ? |
| જવાબ | : | હાજી અમોને પોલીસ પેપર્સની નકલો મળેલ છે. |
| સવાલ | : | ફરીયાદની હકીકત તમોને વાંચી સંભળાવી,સમજાવવામાં આવી તે મુજબનો ગુનો તમને કબુલ છે ? |
| જવાબ | : | મને ગુનો કબુલ છે. / મારી કબુલાત પુરસીસમાં જણાવેલ કારણોસર હળવી સજા કરવા અરજ છે. |

×......................................

આરોપીની સહી

અમારા રૂબરૂ

રાજકોટ

તા.૮/૦૨/૨૦૨૦

૧૫માં એડી.ચીફ જયુડી.મેજી

રાજકોટ

---

**:: હુ ક મ ::**

આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, મુજબનો ગુન્હો મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે આરોપી હાજર થતા સદરહુ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું જણાવે છે અને તે મુજબની કબુલાત પુરસીસ આંક થી રજુ થયેલ છે. આરોપીને સજા અંગેની જોગવાઈ સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વેચ્છીક જણાઈ આવે છે. તે ઉપરાંત કેસના સંજોગોને ઘ્યાનમાં લેતા અને સજાની જોગવાઈ અંગેના ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિઘ્ધાંતોને ઘ્યાને લેતા આરોપીને ઓછી સજા કવરી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે અને કેસના સંજોગોને ઘ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, મુજબના ગુનામાં તકસીરવાન કરવામાં આવે છે. અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) સુધીનો દંડ અને દંડ ન ભરે તો દિન– ૦૩ ની સાદી કેસની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૮/૦૨/૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૮/૦૨/૨૦૨૦

રાજકોટ.

(એસ. એચ.બામરોટીયા )

૧૫માં એડી.ચીફ જયુડી.મેજી.

રાજકોટ.